R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૮ ● તા. ૨૦મી એપ્રિલ, ૨૦૧૬ ● અંક નં. ૧૦

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : એસ. બી. રાવલ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી  કાર્યવાહક સંપાદક : રતીલાલ તુરી  સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩0/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.*

*વેબસાઈટ :* **www.gujaratinformation.net** **www.facebook.com/gujaratinformation.official** **Phone No. : 079-232-53440**

# ભારતીય નૌકાદળ

## પાયલોટ/ઓબ્ઝર્વર કેડરમાં શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર બનવાની તક

ભારતીય નૌકાદળમાં એક્ઝિક્યૂટીવ બ્રાંચમાં પાયલોટ/ઓબ્ઝર્વર/નેવલ આર્મામેન્ટ ઈન્સ્પેકશન ઓફિસર (NAIC) તરીકે શોર્ટ સર્વિસ કમિશન ઓફિસર બનવા માટે અપરીણિત પુરૂષ/મહિલા ઉમેદવારો પાસેથી જાન્યુ.-૨૦૧૭માં શરૂ થતાં કોર્સમાં પ્રવેશ માટે ઓનલાઈન અરજીઓ મંગાવામાં આવે છે.

**ઓન લાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૯-૪-૨૦૧૬**

❑ **યોગ્યતાનો માપદંડ :**

♦ **વયમર્યાદા :** સામાન્ય ઉમેદવાર માટે- ૧૯ થી ૨૪ વર્ષ.એટલે કે ઉમેદવાર તા.૨-૧-૧૯૯૩ અને તા.૧-૧-૧૯૯૮(બંને દિવસો સહિત) વચ્ચે જન્મેલા હોવા જોઈએ.CPL હોલ્ડર માટે- ૧૯ થી ૨૫ વર્ષ.એટલે કે, ઉમેદવાર તા.૨-૧-૧૯૯૨ અને તા.૧-૧-૧૯૯૮ (બંને દિવસો સહિત) વચ્ચે જન્મેલા હોવા જોઈએ.NAIC માટે ૧૯ ૧/૨ થી ૨૫ વર્ષ.ઉમેદવાર તા.૨-૧-૧૯૯૨ અને તા.૧-૭-૧૯૯૮ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

**નોંધ :** જે ઉમેદવારો અગાઉ PABT ( પાયલોટ એપ્ટિટ્યૂડ બેટરી ટેસ્ટ)માં નિષ્ફળ ગયા હોય તેઓ પાયલોટ એન્ટ્રી માટે લાયક ગણી શકાશે નહીં, પરંતુ તેઓ ઓબ્ઝર્વર એન્ટ્રી માટે અરજી કરી શકે છે.**CPL** ધરાવનાર પાસે **DGCA** (ઈન્ડિયા) દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ કાયદેસરનું અને હયાત **CPL** હોવું જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :** ધોરણ-૧૨માં ફિઝિક્સ અને મેથ્સ. સાથે પાયલોટ એન્ટ્રી માટે ઓછામાં ઓછા ૬૦ ટકા તથા ઓબ્ઝર્વર એન્ટ્રી માટે ઓછામાં ઓછા ૫૫ ટકા સાથે કોઈપણ શાખામાં બી.ઈ./બી.ટેક.NAIC માટે મિકેનિકલ, ઈલે.,ઈલેક્ટ્રોનિકસ,પ્રોડકશન,ઈન્સ્ટ્રુમેન્ટેશન,આઈ.ટી.કેમિકલ મેટાલર્જી અને એરોસ્પેસ એન્જિનિયરીંગ પૈકી કોઈ એક શાખામાં ૬૦ ટકા સાથે બી.ઈ./બી.ટેક.જે ઉમેદવારોએ તેઓની ડિગ્રી પરીક્ષા પાસ ન કરી હોય (અંતિમ વર્ષની પરીક્ષામાં બેઠા હોય) તેઓ અરજી કરવા પાત્ર નથી.

❑ **જેન્ડર આધારીત પ્રવેશ :**

| ક્રમાંક | એન્ટ્રી | જેન્ડર |
|---|---|---|
| (૧) | પાયલોટ | પુરૂષ |
| (૨) | ઓબ્ઝર્વર | મહિલા/પુરૂષ |
| (૩) | NAIC | પુરૂષ |

❑ **શારીરિક ધોરણો :** ઉમેદવારની ઓછામાં ઓછી ઊંચાઈ પુરૂષ માટે- ૧૬૨.૫ સે.મી. તથા મહિલા માટે- ૧૫૨ સેમી. હોવી જોઈએ.NAIC માટે ઉમેદવારની ઓછામાં ઓછી ઊંચાઈ ૧૫૭ સે.મી. હોવી જોઈએ.

❑ **દૃષ્ટિનું ધોરણ :** પાયલોટ/ઓબ્ઝર્વર માટે દૂરની દ્રષ્ટિનું લઘુત્તમ સ્વીકાર્ય ધોરણ ૬/૬, ૬/૯ હોવું જોઈએ.જે ૬/૬,૬/૬ સુધી સુધારેલું હોવું જોઈએ.NAIC માટે ઉમેદવાર દૂરની દ્રષ્ટિનું લઘુત્તમ સ્વીકાર્ય ધોરણ ૬/૬૦, ૬/૬૦ હોવું જોઈએ.જે ૬/૬,૬/૧૨ સુધી સુધારેલું હોવું જોઈએ.ઉમેદવાર રંગ અંધત્વ/રાત્રી અંધત્વ ધરાવતા ન હોવા જોઈએ.

❑ **ટેટુ ચીતરાવેલું ન હોવું જોઇએ :** ઉમેદવાર શરીરના કોઈપણ ભાગમાં (ચોક્કસ ભાગમાં આપેલી છૂટછાટ સિવાય) કાયમી ટેટું ચીતરાવેલું હશે તો નિમણૂક માટે લાયક ગણી શકાશે નહીં.આ અંગે વધુ વિગતો નેવીની વેબસાઈટ ઉપરથી મળી શકશે.

❑ **શોર્ટ સર્વિસ કમિશન :**

♦ શોર્ટ સર્વિસ કમિશન ૧૪ વર્ષની મુદત માટે છે. આ એન્ટ્રી હેઠળ ૧૪ વર્ષ બાદ સર્વિસ વધારી શકાશે નહી કે પરમેનન્ટ કમિશન માટે લાયક ગણી શકાશે નહીં.NAIC માટે શોર્ટ સર્વિસ કમિશન ૧૨ વર્ષની મુદત માટે છે. આ એન્ટ્રી હેઠળ ૧૨ વર્ષ બાદ સર્વિસ વધારી શકાશે નહી કે પરમેનન્ટ કમિશન માટે લાયક ગણી શકાશે નહીં. અધિકારીને બે વર્ષ માટે અથવા પ્રારંભીક તાલીમ પૂર્ણ થાય (જે મોડું હોય ત્યાં સુધી) અજમાયશી સમય પર રાખવામાં આવશે.આ સમયગાળા દરમ્યાન જો ઉમેદવારનું પ્રદર્શન સંતોષકારક જણાશે નહીં તો તેઓને છૂટા કરી દેવાશે.

❑ **અરજી કેવી રીતે કરવી ?**

ઉમેદવારોએ નૌકાદળની વેબસાઈટ **www.joinindiannavy.gov.in** ઉપર **તા. ૨૯-૪-૨૦૧૬** સુધીમાં ઓન લાઈન અરજી કરવાની છે. એક થી વધુ અરજી કરનારની ઉમેદવારી રદ કરવામાં આવશે. ઓન લાઈન અરજી કર્યા બાદ ઉમેદવારને સિસ્ટમ જનરેટેડ 'એપ્લિકેશન નંબર' મળશે. આ એપ્લિકેશન નંબર પ્રિન્ટ આઉટમાં આપોઆપ છપાઈ જશે. ઉમેદવારોએ સિસ્ટમ જનરેટેડ એપ્લિકેશન નંબરવાળા અરજી ફોર્મની બે નકલ કાઢી લેવી. જે પૈકી એક નકલ સાથે સ્વયં પ્રમાણીત ફોટોગ્રાફ, ધો. ૧૦/૧૨ના પ્રમાણપત્રની નકલ-ગુણપત્રક સાથે, અન્ય શૈક્ષણિક લાયકાતના સેમેસ્ટર/વર્ષવાર ગુણપત્રકની નકલ સાથે રાખી

Post Box No. 02, Sarojini Nagar PO, New Delhi-110023 ના સરનામે સાદી ટપાલથી તા. ૯-૫-૨૦૧૬ સુધીમાં મોકલી આપવી. બીજી નકલ રેકર્ડ માટે પોતાની પાસે સાચવી રાખવી.

♦ પ્રિન્ટ આઉટ મોકલવાના કવર પર

"ONLINE APPLICATION NO.___APPLICATION FOR PAILOT/OBSERVER /NAIC JAN 2017 COURSE Qualification___________Percentage_____________% NCC 'C' Yes/No. લખવું

❑ **પસંદગી પદ્ધતિ :**

♦ ઉમેદવારોએ બી.ઈ./બી.ટેક. ડિગ્રી પરીક્ષામાં કરેલા દેખાવના આધારે સર્વિસ સિલેક્શન બોર્ડ (એસએસબી)ના ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થવા માટે કોલઅપ આપવામાં આવશે.

♦ તારવણી બાદ યોગ્ય પસંદગી યાદી પ્રમાણેના ઉમેદવારોને **જૂન ૨૦૧૬ થી ઓગસ્ટ ૨૦૧૬** દરમિયાન સર્વિસ સિલેકશન બોર્ડ (એસ. એસ. બી.) બેંગ્લોર, ખાતે પાયલોટ/ઓબ્ઝર્વર માટે તથા NAIC માટે ઉમેદવારોને બેંગ્લોર, ભોપાલ, કોઈમ્બતૂર, વિશાખાપટ્ટમન ખાતે ઈન્ટરવ્યૂમાટેમોકલવામાંઆવશેઅનેત્યારબાદ શારીરિક પરીક્ષણ કરાશે.આ અંગેની જાણ ઉમેદવારોને ઈ-મેલ અથવા એસએમએસથી કરવામાં આવશે.

♦ એસ.એસ.બી. ઈન્ટરવ્યૂનો સમયગાળો પાંચ દિવસનો રહેશે. તે દરમ્યાન બે તબક્કામાં પસંદગી થશે. પ્રથમ દિવસે પ્રથમ તબક્કામાં ઓફિસર ઈન્ટેલીજન્સ ટેસ્ટ ચિત્ર સંકેત અને ડિસ્કશન ટેસ્ટ યોજાશે. જે ઉમેદવાર પ્રથમ તબક્કામાં સફળ થવામાં નિષ્ફળ જશે તો તેઓને તે જ દિવસે પરત રવાના કરી દેવાશે. બીજા તબક્કામાં મનોવૈજ્ઞાનિક કસોટીઓ, ગ્રુપ ટાસ્ક, ગ્રુપ ડિસ્કશન અને પર્સનલ ઈન્ટરવ્યૂ યોજાશે.

♦ જે ઉમેદવારો પ્રથમવાર એસ. એસ. બી.નું ઈન્ટરવ્યૂ આપતા હોય તેઓને એસી-૩ ટીયરનું પરત જવા માટેનું રેલવે ભાડું મળવાપાત્ર છે.

♦ જે ઉમેદવારો ઈન્ટરવ્યૂમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તેઓની તે જ સ્થળે તબીબી તપાસ કરવામાં આવશે. જે ૩ થી ૫ દિવસ ચાલશે.

♦ એસ. એસ. બી. દ્વારા ભલામણ કરાયેલા અને તબીબી તપાસમાં યોગ્ય જાહેર થયેલા ઉમેદવારોને ખાલી જગાઓના પ્રમાણમાં મૂળ પ્રમાણપત્રોની ચકાસણી બાદ અને ગુણવત્તા યાદી અનુસાર તાલીમ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **તાલીમ :**

♦ તાલીમ જાન્યુઆરી-૨૦૧૭માં ઈઝીમાલા, કેરાલા ખાતે શરૂ થશે.

♦ ઉમેદવારોને સબ-લેફ્ટેનન્ટ ઑફિસર કક્ષામાં મૂકવામાં આવશે. તેમણે નેવલ ઓરિયેન્ટેશન કોર્સ, નેવલ એકેડેમી, ઈઝીમાલા, કેરાલા ખાતે કરવો પડશે. ત્યારબાદ નેવલ ટ્રેનિંગ એસ્ટાબ્લિસમેન્ટ /શિપ/યુનિટ ખાતે વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે.

♦ માત્ર અપરીણિત ઉમેદવારો જ તાલીમને પાત્ર ઠરશે. જો કોઈ ઉમેદવાર પરણિત હશે કે તાલીમ દરમિયાન લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે અને તાલીમ દરમિયાન તેઓના માટે સરકારે ભોગવેલો તમામ ખર્ચ તેઓના પગાર સહિત તમામ રકમ ઉમેદવારોએ ભરપાઈ કરવાની રહેશે.

❑ **પગાર અને અન્ય ભથ્થા :** ઉમેદવારને સબ લેફ્ટેનન્ટથી કમાન્ડર સુધીની રેંકમાં બઢતી મળી શકે છે. સબ લેફ્ટેનન્ટની રેંકમાં પ્રારંભમાં રૂા. ૧૫,૬૦૦-૩૯૧૦૦ + રૂા. ૫૪૦૦ ગ્રેડ પે + રૂા. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે મળવાપાત્ર છે.

♦ **અન્ય ભથ્થાં :**

♦ મોંઘવારી ભથ્થું, સીસીએ, ઉપરાંત કેડર મુજબ અન્ય ભથ્થા અને નાણાંકીય લાભ મળી શકે છે.

♦ ઑફિસરને વાર્ષિક ૬૦ દિવસની રજા, ૨૦ દિવસની કેજ્યુઅલ, લીવ (સી.એલ.), લીવ ટ્રાવેલ કન્સેશન (પ્રવાસ રાહત ભથ્થું), પોતાની તથા કુટુંબની અને તેમના પર આધારિત માતાપિતાની વિનામૂલ્યે તબીબી સેવાઓ, કેન્ટીનની સવલતો, ગ્રુપ વિમો રૂા. ૩૦ લાખ અને અન્ય રાહતો પ્રાપ્ત થશે.

❑ **સાહસિક રમતો :**

ભારતીય નૌકાદળ તમારી પસંદગીની રમતગમતની સવલત પૂરી પાડે છે. જેવી કે, સ્કવોશથી સ્વીમિંગ, ઘોડે સવારીથી ગોલ્ફ, આ ઉપરાંત પર્વતારોહણ, રિવર રાફટિંગ, હોટ એર બલૂનિંગ, હેંગ ગ્લાઈડિંગ, વિન્ડ સર્ફિંગ વગેરે રમતો માટેની સવલત પૂરી પાડે છે. જેમાં ભાગ લઈ શકાય છે અને શીખી શકાય છે.

❑ **અગત્યની સૂચનાઓ :**

♦ કોઈપણ કારણ દર્શાવ્યા વિના અરજીઓનો તારવણી કરવાનો નેવલ હેડકવાર્ટર્સનો અધિકાર અબાધિત રહેશે. આ અંગે કોઈ પત્રવ્યવહાર કરાશે નહીં.

♦ ઈન્ટરવ્યૂ માટે S.S.B. સેન્ટર બદલવાની પરવાનગી કોઈપણ સંજોગોમાં આપવામાં આવશે નહિ.

♦ આ જાહેરાતની શરતો ફેરફારને આધીન રહેશે અને તેથી આ શરતોને માર્ગદર્શક સૂચનાઓ ગણવી.

♦ ઉમેદવાર એકથી વધુ કેડર માટે શૈક્ષણિક યોગ્યતા ધરાવતા હોય તો પણ એક જ ઓનલાઈન અરજી કરવાની છે. આ અંગે કેડરની પ્રાયોરીટી ઓનલાઈન અરજી વખતે સબંધીત કોલમમાં જણાવવાની રહેશે.

♦ એક કરતાં વધુ અરજી મોકલતા ઉમેદવારો ગેરલાયક ગણાશે.

❑ **શારીરિક યોગ્યતા :**

નેવલ એકેડેમીમાં તમારો અભ્યાસક્રમ શારીરિક બાબતોને સ્પર્શનારો હોઈ, તે માટે તમારી જાતને શારીરિક રીતે તાલીમ, દોડ અને રમતો વગેરે દ્વારા સુસજ્જ રાખો, જેથી કરી તમને ઉચ્ચ કક્ષાની શારીરિક તાલીમમાં કોઈ મુશ્કેલી ન પડે.

વેબસાઈટ : **www.nausena-bharti.nic.in** ●

# યુનિ./કોલેજોમાં આસિ. પ્રોફેસર બનવા/જુનિયર રીસર્ચ ફેલોશીપ માટે આવશ્યક NET પરીક્ષા

## યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા આયોજીત નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ

યુનિવર્સિટી / કોલેજોમાં આસિ. પ્રોફેસર બનવા અથવા જુનિયર રિસર્ચ ફેલોશીપ મેળવવા માટે આવશ્યક એવી નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ NET નું આગામી જુલાઈ-૨૦૧૬માં યુનિવર્સિટી ગ્રાંટ કમિશન તરફથી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે.

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૨-૫-૨૦૧૬**

**NET યોજાવાની તારીખ : ૧૦-૭-૨૦૧૬**

❑ **યોગ્યતાના ધોરણ :**

♦ **NET માં ઉપસ્થિત થવા માટેની લાયકાત :** ઉમેદવાર માન્ય યુ.જી.સી. માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી ઓછામાં ઓછા ૫૫ ટકા (રાઉન્ડીંગ ફીંગર વિના) સાથે હ્યુમીનીટી (ભાષાઓ સહિત) અને સોશ્યલ સાયન્સ, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લિકેશનન્સ, ઈલેક્ટ્રોનિક સાયન્સ વગેરેમાં અનુસ્નાતક થયેલા હોવા જોઈએ અથવા સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ. પી.જી. વિષયોની યાદી CBSE ની વેબસાઈટ ઉપર દર્શાવેલી છે. અ.જા./અ.જ.જા./અ.પ.વ. (નોન ક્રિમીલેયર) શા.ખો.ખાં. ધરાવનાર માટે ૫૦ ટકા સાથે અનુસ્નાતકની લાયકાત માન્ય ગણી શકાશે.

♦ અનુસ્નાતક પરીક્ષાના અંતિમ વર્ષમાં બેઠા હોય પરંતુ પરિણામ આવવાનું બાકી હોય તેવા ઉમેદવારો પણ પરિણામ રજૂ કરવાની શરતે અરજી કરી શકશે.

♦ પીએચ.ડી. થયા હોય પરંતુ અનુસ્નાતક પરીક્ષા તા. ૧૯-૯-૧૯૯૧ સુધીમાં આપી હોય તેઓને અનુસ્નાતકમાં લઘુત્તમ ૫૫ ટકાના લાયકી ધોરણમાં ૫ ટકાની છૂટ મળી શકશે.

♦ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓએ અનુસ્નાતકમાં હોય તે વિષયમાં જ NET આપવી પરંતુ દર્શાવવામાં આવેલા વિષયોમાં પી.જી. વિષયનો સમાવેશ ન થતો હોય તો તેને સંબંધીત વિષય પસંદ કરવો.

♦ **વયમર્યાદા :**

♦ **જુનિયર રિસર્ચ ફેલોશીપ :** તા. ૧-૭-૨૦૧૬ના રોજ ૨૮ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અ.પ.વ./અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં. ધરાવનાર તથા મહિલા ઉમેદવારોને પાંચ વર્ષ સુધીની છૂટ મળવાપાત્ર છે. પી.જી. કક્ષાના વિષયમાં વધુ સંશોધન કરનાર ઉમેદવારોને પણ શરતોને આધીન પાંચ વર્ષ સુધીની છૂટ મળી શકશે. એલ.એલ.એમ.ની ડિગ્રી ધરાવનારને ત્રણ વર્ષની છૂટ મળી શકશે.

♦ **આસિ. પ્રોફેસર માટે :** મહત્તમ ઉંમરની કોઈ મર્યાદા નથી.

♦ **આસિ. પ્રોફેસર માટેની યોગ્યતામાં છૂટછાટ :** યુનિ./કોલેજો/સંસ્થામાં આસિ. પ્રોફેસરની નિમણુંક માટે NET/SLET/SET લઘુત્તમ લાયકાત છે. આમ છતાં, જે ઉમેદવારોએ યુ.જી.સી.ના ધારા ધોરણ મુજબ પીએચડીની ડિગ્રી મેળવી હોય તેઓ માટે NET/SLET/SET જરૂરી નથી. જે ઉમેદવારોએ UGC/CSIR જુનિયર રિસર્ચ ફેલોશીપ પરીક્ષા ૧૯૮૯ પૂર્વે પાસ કરી હોય તેઓ માટે પણ NET આવશ્યક નથી.

♦ **SET પાસ કરનાર માટે :** જે ઉમેદવારોએ સ્ટેટ એલીજીબીલીટી ટેસ્ટ (SET) તા. ૧-૧૨-૨૦૦૨ પૂર્વે પાસ કરી હોય તેઓ માટે ભારતભરની કોઈપણ યુનિ. /કોલેજ/સંસ્થામાં આસિ. પ્રોફેસર માટે NET આવશ્યક નથી. પરંતુ તા. ૧-૧૨-૨૦૧૨ પછી SET પાસ કરી હોય તેઓ માત્ર જે તે રાજ્યમાં આવેલી યુનિ./કોલેજ/સંસ્થામાં જ આસિ. પ્રોફેસરની જગ્યા માટે યોગ્ય ગણી શકાશે.

♦ **પરીક્ષા ફી અને ચૂકવણીની રીત :** સામાન્ય વર્ગના ઉમેદવારોએ અરજી ફી તરીકે રૂ. ૬૦૦ ચૂકવવાના છે. અ.પ.વ.ના ઉમેદવારોએ અરજી ફી તરીકે રૂ.૩૦૦ ચૂકવવાના છે.અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં. ધરાવનાર ઉમેદવારોએ પરીક્ષા ફી તરીકે રૂ. ૧૫૦ ચૂકવવાના છે. પરીક્ષા ફી ક્રેડિટ/ડેબિટ કાર્ડ દ્વારા અથવા ઓનલાઈન અરજી વખતે જનરેટ થયેલ ઈ-ચલન દ્વારા ભરી શકાશે. ઈ-ચલન દ્વારા પરીક્ષા ફી સિંડીકેટ બેંક/કેનેરા બેંક/આઈસીઆઈસીઆઈ/એચડીએફસી બેંકમાં ચૂકવી શકાશે.

♦ **પરીક્ષા પદ્ધતિ અને તારીખ :** NET માં ત્રણ પેપર રહેશે. ત્રણેય પેપરમાં હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો રહેશે. પરીક્ષા તા. ૨૭-૧૨-૨૦૧૫ના રોજ દેશભરમાં નિર્ધારીત કેન્દ્રો ખાતે યોજાશે.

♦ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| સત્ર | પેપર | ગુણ | પ્રશ્નોની સંખ્યા | સમય |
|---|---|---|---|---|
| પ્રથમ | ૧ | ૧૦૦ | ૬૦ પ્રશ્નો જેમાંથી ૫૦ના ઉત્તર જરૂરી | સવા કલાક સવારે ૯.૩૦ થી ૧૦.૪૫ |
| દ્વિતીય | ૨ | ૧૦૦ | ૫૦ પ્રશ્નો ફરજીયાત | સવા કલાક સવારે ૧૧.૧૫ થી ૧૨.૩૦ |
| તૃતિય | ૩ | ૧૫૦ | ૭૫ પ્રશ્નો ફરજીયાત | અઢી કલાક બપોરે ૨.૦૦ થી ૪.૩૦ |

પેપર-૧માં માત્ર જનરલ નેચર પ્રકારનું રહેશે. તેમાં ઉમેદવારની ટીચીંગ/રિસર્ચ અંગેનું વલણ ચકાસવામાં આવશે. પેપર-૨ અને ૩ ફરજિયાત છે.

♦ **પરીક્ષા માટેના પ્રવેશપત્રો :** NET માટેના પ્રવેશપત્રો વેબસાઈટ www.cbsenet.nic.in ઉપર જુલાઈ-૨૦૧૬ ના ત્રીજા સપ્તાહમાં મૂકવામાં આવશે. ઉમેદવારે તે ડાઉનલોડ કરી લેવાના રહેશે.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

ઉમેદવારોએ CBSE ની વેબસાઈટ www.cbsenet.nic.in ઉપર ઓનલાઈન અરજી કરવાની છે.

❑ **સામાન્ય સૂચનાઓ :**

♦ ઓનલાઈન અરજી કર્યા બાદ ઉમેદવારોએ તેની પ્રિન્ટ આઉટ કાઢી પોતાની પાસે સાચવી રાખવી.

♦ પેપર-૧માં ઉપસ્થિત ન થનાર ઉમેદવારને ત્યારબાદ પેપર-૨ અને પેપર-૩માં બેસવા દેવામાં નહીં આવે.

♦ NET માં નકારાત્મક ગુણ લાગુ નહી પડે

♦ ઉમેદવારોએ ભરેલી OMR શીટ સાથેની આન્સર કી CBSE ની વેબસાઈટ ઉપર ઓગસ્ટ-૨૦૧૬ના ચોથા સપ્તાહમાં જાહેર કરવામાં આવશે.

❑ **પરીક્ષા કેન્દ્રો :** ગુજરાતના ઉમેદવારો માટે અમદાવાદ, પાટણ, રાજકોટ અને વડોદરા પરીક્ષા કેન્દ્રો રહેશે. ●

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)**

**જ્યોર્તિમય પરિસર, શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧.**

નીચે દશાવેલી જગ્યાઓ અગિયાર માસ માટે તદન હંગામી ધોરણે કરાર આધારિત ફિક્સ પગારથી ભરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારે ઉપરોક્ત સરનામે રજિ. એ.ડી. મારફતે તેમજ ઈ-મેઈલ એડ્રેસ baou.recruitment@baou.edu.in પર અરજી તા. ૨૭-૪-૨૦૧૬ સુધીમાં કરવાની રહેશે. ઈન્ટરવ્યુ અંગેની જાણ ત્યારબાદ ઈ-મેઈલ દ્વારા કરવામાં આવશે.

**૧. કાયદા અધિકારી - ૦૧** - માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી તથા ગુજરાતી અને અંગ્રેજીમાં ડ્રાફ્ટીંગ, મુસદ્દો, નોંધ, પીટીશન તૈયાર કરવાની આવડત આવશ્યક

**૨. એન્જિનિયર (સિવિલ) - ૦૧** - માન્ય યુનિવર્સિટીમાંથી સિવિલ એન્જિનિયરીંગમાં ઈજનેરી સ્નાતકની પદવી

**૩. ટ્રાન્સપોર્ટ ઓફિસર : ૦૧ :** માન્ય યુનિવર્સિટીમાંથી MBA (Finance) / MBA (Marketing) / Degree in Automobile Engineering / Degree in Mechanical Engineering

**૪. પબ્લિકેશન ઓફિસર : ૦૧ :** માન્ય યુનિવર્સિટીમાંથી ગુજરાતી / અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક ડિગ્રી ફરજીયાત અને અનુવાદ કાર્યનો અનુભવ.

**૫. સ્ટોર્સ/પરચેઝ ઓફિસર - ૦૧** - માન્ય યુનિવર્સિટીમાંથી MBA (Finance) / MBA (Marketing) / M.Com./C.A.

**૬. ગ્રાફિક ડિઝાઈનર - ૦૧** - માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક અથવા આઈ.ટી.માં ડિપ્લોમા

**અન્ય વિગતો :** ૧. ઉપરોકત તમામ જગ્યાઓ માટે લાગુ પડતી પદવીમાં ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ અથવા તેને સમકક્ષ ગ્રેડ પોઈન્ટ જરૂરી છે.

૨. ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે માસિક ફીક્સ વેતન રૂ. ૨૨,૫૦૦ રહેશે. તથા સદર કામગીરીના ઓછામાં ઓછા ૧૧ મહિનાના અનુભવનું પ્રમાણપત્ર જરૂરી રહેશે.

૩. ઉપરોક્ત જગ્યાઓ પૈકી કોઈપણ જગા માટે ૩૦ કરતા વધુ ઉમેદવારો લાયકાત ધરાવતા હશે તો તેઓએ પ્રથમ તબક્કે સામાન્ય જ્ઞાનની લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાનું રહેશે. ઉત્તીર્ણ થયેલ ઉમેદવાર પૈકી ગુણવત્તા આધારે નિર્ણય લઈ નક્કી થનાર દિવસે ઉમેદવારોને પ્રત્યક્ષ મુલાકાત માટે સ્વખર્ચે હાજર રહેવા જણાવવામાં આવશે.

૪. ઉપરોકત તમામ જગ્યાઓ માટે ગુજરાતી ભાષામાં વાતચીત, પત્રવ્યવહાર તથા વહીવટી કામગીરીની આવડત ઈચ્છનીય રહેશે.

૫. તમામ જગ્યાઓ માટે CCC/ સરકાર માન્ય કમ્પ્યૂટર કોર્સ આવશ્યક રહેશે.

૬. સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક સાથે અસલ પ્રમાણપત્રો સાથે ઈન્ટરવ્યૂ સમય સ્વખર્ચે હાજર રહેવું.

૭. લાયકાત ધરાવતા રાજ્ય સરકારમાંથી સેવા નિવૃત્ત (૬૦ વર્ષથી વધુ નહીં) ઉમેદવાર પણ ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી કરી શકશે.

૮. ઉપરોક્ત ક્રમ (૬) માટે માસિક ફીક્સ વેતન રૂ. ૧૫૦૦૦ રહેશે. અનુભવ ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. નીચે જણાવેલ સોફ્ટવેરમાં નિપુણતા હોવી જરૂરી છે.

પેજમેકર, કોરલ ડ્રો, ફોટોશોપ, ઈલસ્ટ્રેટર, ડ્રીમવિવર, ફ્લેશ અને એડોબના અન્ય ઉત્પાદનો, HTML વેબસાઈટ અને લોગો ડિઝાઈન, HTML-5, જાવાસ્ક્રિપ્ટ, જે-ક્વેરી, ઓડિયો વીડિયો અને છબી/ગ્રાફિક્સ સંપાદન

ઉપર દર્શાવેલ જગ્યાઓમાં પસંદગી કે નિમણુંક કરવી કે ન કરવી તે અંગેના સર્વ અધિકાર યુનિવર્સિટીને આધીન રહેશે તથા યુનિવર્સિટી જરૂરીયાત અનુસાર ફેરફાર કરી શકશે. ઉપરોક્ત તમામ જગ્યાઓનું અરજીપત્રક યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in ઉપરથી ડાઉનલોડ કરી શકશે.

કાર્યકારી કુલસચિવ ●

# ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી

**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

રજીસ્ટર્ડ થયેલી બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/જુના શિક્ષકની પસંદગી અંગેની જાહેરાત

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૧-૨-૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસ.એ./૨/ બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા તા. ૩-૬-૨૦૧૩ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસ.એ./૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ. શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ/એસ.એચ./૭/બમશ/૧૧૦૯/ ૧૯૦૬/ગ, તા. ૨૩-૨-૨૦૧૬ તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ. તા. ૨૪-૨-૨૦૧૬ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની રજીસ્ટર્ડ બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ)માં શિક્ષણ સહાયક/જુના શિક્ષકની પસંદગી અંગેની જાહેરાત વર્ષ-૨૦૧૬ સંદર્ભે રજીસ્ટર્ડ બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી દ્વારા મળેલી નીચે મુજબ અંદાજિત ખાલી જગ્યાઓ નીચે જણાવેલ વિગતે પસંદગીના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી કરવા માટે નીચે જણાવેલ વેબસાઈટમાં ઉલ્લેખ કરેલ સુચનાઓ મુજબ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવે છે.

**અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત :** લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી તા. ૧૫-૪-૨૦૧૬ થી તા. ૩૦-૪-૨૦૧૬ ના રોજ ૨૩.૫૯ કલાક સુધી વેબસાઈટ www.gserb.org ઉપર મુકવામાં આવેવલ સુચના મુજબ ઓનલાઈન કરવાની રહેશે.

**અંદાજીત ખાલી જગ્યાની વિગત**

| ક્રમ | માધ્યમ | શિક્ષણ સહાયક | જુના શિક્ષક | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૪૩૬૬ | ૧૧૧૦ | ૫૪૭૬ |
| ૨ | અંગ્રેજી | ૩૧ | ૦૧ | ૩૨ |

**બિનસરકારી ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમી કુલ ખાલી જગ્યાઓની વિગતવાર વિગત દર્શાવતું પત્રક**

**શિક્ષણ સહાયક**

| માધ્યમ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી બિન અનામત | કુલ જગ્યા પૈકી સા.શૈ. પ.વ. | કુલ જગ્યા પૈકી અ.જા. | કુલ જગ્યા પૈકી અ.જ.જા. | કુલ જગ્યા પૈકી શા.ખો. ખા. | બિન અનામત પૈકી મહિલાઓ માટે | સા.શૈ.પ.વ. પૈકી મહિલાઓ માટે અનામત | અ.જાતિ પૈકી મહિલાઓ માટે અનામત | અ.જ.જા. પૈકી મહિલાઓ માટે અનામત | શા.ખો.ખા પૈકી મહિલાઓ માટે અનામત | કુલ મહિલાઓ માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૪૩૬૬ | ૨૯૨૭ | ૮૬૧ | ૬૯ | ૪૯૬ | ૧૩ | ૫૬૪ | ૧૮૯ | ૧૭ | ૮૯ | ૦૦ | ૮૫૯ |
| અંગ્રેજી | ૩૧ | ૧૩ | ૦૬ | ૦૩ | ૦૯ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૬ |
| કુલ | ૪૩૯૭ | ૨૯૪૦ | ૮૬૭ | ૭૨ | ૫૦૨ | ૧૩ | ૫૬૭ | ૧૯૦ | ૧૭ | ૯૧ | ૦૦ | ૮૬૫ |
| **જુના શિક્ષક** | | | | | | | | | | | | |
| ગુજરાતી | ૧૧૧૦ | ૭૫૦ | ૨૪૮ | ૩૭ | ૭૦ | ૦૫ | ૧૨૯ | ૭૫ | ૦૮ | ૧૪ | ૦૨ | ૨૨૮ |
| અંગ્રેજી | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૧૧૧ | ૭૫૧ | ૨૪૮ | ૩૭ | ૭૦ | ૦૫ | ૧૨૯ | ૭૫ | ૦૮ | ૧૪ | ૦૨ | ૨૨૮ |

ઉપરોક્ત નિયમોનુસાર ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની વિષયવાર/કેટેગરી વાઈઝ ઉપલબ્ધ જગ્યાઓની વિશેષ વિગતો વેબસાઈટ ઉપર રજૂ કરેલ છે.

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી/આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યાઓ પર ઉમેદવારનો કોઈ હક્ક દાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા ઉપર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૧ના જાહેરનામાંથી લેવાયેલ TAT પરીક્ષા જે વર્ષ ૨૦૧૧ તથા ૨૦૧૨માં લેવાયેલ છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૪ના જાહેરનામાથી વર્ષ ૨૦૧૪ માં લેવાયેલ TAT પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ તમામ પાત્રતા ધરાવતા ઉમેદવારો પ્રસ્તુત ભરતી પ્રક્રિયામાં અરજી કરી શકશે.

શિ.વિ.ના તા. ૨૩-૨-૨૦૧૬ના જાહેરનામાં મુજબ એકથી વધારે વખત TAT પાસ કરેલ ઉમેદવારોએ પોતે પસંદ કરે તે એક જ માર્કશીટ રજુ કરવાની રહેશે. જે ધ્યાને લઈ તેઓનું નિયમોનુસાર ગુણાંકન કરવામાં આવશે. (એક જ વધુ વખત TAT પરીક્ષા આપેલ હોય તો એવરેજ માર્કસ ધ્યાને લેવાની જોગવાઈ રદ કરવામાં આવેલ છે.)

ઉમેદવારોએ નિયત ફી વેબસાઈટમાં આપેલ સુચનાઓ અનુસરીને તા. ૧૫-૪-૨૦૧૬ થી તા. ૩૦-૪-૨૦૧૬ ના રોજ ભરવાની રહેશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સુચનાઓ www.gserb.org વેબસાઈટ ઉપર તા. ૧૫-૪-૨૦૧૬ન રોજ મુકવામાં આવેલ છે. ●

# UNION PUBLIC SERVICE COMMISSION

**Dholpur House, Shahjahan Road, New Delhi-110069.**
**Indicative Adertisement No. 07/2016**

Online Recruitment Applications (ORA) are invited for direct recruitment by selection through website http://www.upsconline.nic.in to the following posts by 28th April, 2016.

1. **(Vacancy No. 16040701209)**
   **One Scientist SB (Non-destructive)** in National Test House, Ministry of Consumer Affairs, Food and Public Distribution, Department of Consumer Affairs (UR-01).
2. **(Vacancy No. 16040702209)**
   **One Scientist SB (Mechanical)** in National Test House, Ministry of Consumer Affairs, Food and Public Distribution, Department of Consumer Affairs (UR-01).
3. **(Vacancy No. 16040703209)**
   **Three Deputy Legislative Counsel** (Grade-III of Indian Legal Service, Ministry of Law and Justice, Legislative Department (ST-01 & UR-02).
4. **(Vacancy No. 16040704509)**
   **Ten Training Officers (Principle of Teaching-General)** in Directorate Genëral of Training, Ministry of Skill Development and Entrepreneurship (SC-02, ST-01, OBC-01 & UR-06).
5. **(Vacancy No. 16040705509)**
   **Six Lecturers in Computer Engineering** in Government Polytechnic, Daman, Administration of Daman & Diu (U.T.), Technical Education Department, Daman, (SC-01, OBC-02 & UR-03).
6. **(Vacancy No. 16040706509)**
   **Six Lecturers in Information Technology** in Govemment Polytechnic, Daman, Administration of Daman & Diu (U.T.), Technical Education Department, Daman, (SC-01, OBC-01 & UR-04).
7. **(Vacancy No. 16040707509)**
   **Five Lecturers in Civil Engineering** in Government Polytechnic, Daman, Administration of Daman & Diu (U.T.), Technical Education Department, Daman, (SC-01, ST-01, OBC-01 & UR-02).
8. **(Vacancy No. 16040708509)**
   **Six Lecturers in Chemical Engineering** in Government Polytechnic, Daman. Adminmtmtion of Damun & Din (U.T.), Technical Educational Department, Daman (SC-01, ST-01, OBC-01 & UR-03)
9. **(Vacancy No. 16040709509)**
   **One Lecturer in Electronics & Comniunication Engineering** in Government Polytechnic, Daman, Administration of Daman & Diu (U.T.), Technical Education Department, Daman, (UR-01).
10. **(Vacancy No. 16040710509)**
    **Three Lecturers in Mechanical Engineering** in Government Polytechnic, Daman, Administration of Daman & Diu (U.T.), Technical Education Department, Daman, (OBC-02 & UR-01).
11. **(Vacancy No. 16040711509)**
    **Seven Lecturers in Electrical Engineering** in Government Polytechnic, Daman, Administration of Daman & Diu (U.T.), Technical Education Department, Daman, (SC-01, ST-01, OBC-02 & UR-03). Of the seven posts, one post is reserved for Physically Challenged Persons with disability viz. Orthopaedically Handicapped/Locomotor Disability/Cerebral Palsy with Both Legs Affected but not Arms (BL) or One Leg Affected (Right or Left) (OL) or One Arm Affected (Right or Left) (OA) or One Leg and One Arm Affected (OLA).

The candidates willing to apply for the above posts are advised to visit Commission's ORA Website http://www.upsconline.nic.in The detailed advertisement along-with 'Instructions and Additional Information to Candidates for Recruitment by Selection' has been displayed on Commission's Website http:// www.upsc.gov.in. as well as on the Online Recruitment Application (ORA) Website http:// www.upsconline.nic.in. ●

*(અનુસંધાન પાન નં. ૫ નું ચાલુ)*

રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર -તિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા. ૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ ગર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮/ ૩૬૪૪/ ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી -માણપત્ર મંડળ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવુ -માણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે. Sports માં અરજી કરનાર ઉમેદવાર જો મંડળ માંગે ત્યારે આવું -માણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને Sports ના ગુણ મળવાપાત્ર થશે નહીં.

૧૧. **સામાન્ય સૂચનાઓ :**

૧. શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી-SC,ST,SEBC), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક ખોડખાંપણ, અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ -માણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી -ક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં -માણપત્રો અને પુરાવાઓ મંડળ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્સ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે તે તબકકેથી ''રદ ગણવામાં આવશે.

૨. અરજદારે અરજીપત્રમાં દશાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં ઉમેદવારે દર્શાવેલી કેટેગરી અને ઉમેદવારની ખરેખર કેટેગરીમાં તફાવત માલૂમ પડશે તો, તેવી અરજી રદ કરવાપાત્ર થશે.

૩. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોટા સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવાના રહેશે. તેમજ મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.

૪. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.

૫. ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકની ''મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી'' વર્ગ-૩ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી દ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.

૬. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

૭. ઉમેદવાર પોતે આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકની ''મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી'' વર્ગ-૩ સંવર્ગની મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

૮. આ ભરતી -ક્રિયા સંપૂર્ણપણે આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકની ''મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી'' વર્ગ-૩ સંવર્ગના -વર્તમાન ભરતી નિયમો ભરતી પરીક્ષા નિયમોને આધિન રહેશે.

૯. આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

૧૦. બોર્ડ (મંડળ) ની વેબસાઇટ http://gsssb.gujarat.gov.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.

૧૧. આ જાહેરાત અન્વયે સંભવતઃ લેખિત કસોટીનું આયોજન સને ૨૦૧૬ના જુન-જુલાઇ માસ દરમિયાન કરવામાં આવશે, તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી. આમ છતાં પરીક્ષાના આયોજનની તારીખ બાબતે જરૂર જણાયે મંડળ ફેરફાર કરી શકશે.

૧૨. મંડળ જે કોઈ ઉમેદવારને,

૧. તેને ઉમેદવારી માટે કોઈપણ -કારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર -ત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો -યાસ કરવા માટે,

૨. બીજાનું નામ ધારણ કરવા માટે,

૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

૪. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

૫. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

૬. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

૭. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,

૮. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અ-સ્તુત બાબત લખવા માટે,

૯. OMR ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ -કારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ -સ્થાપિત થાય તેવા -યાસ કરવા માટે, પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,

૧૦. પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે,

૧૧. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો -યત્ન કરવા માટે અથવા આવા -સંગે મદદગારી કરવા માટે, અથવા

૧૨. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના -વેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષતિ ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિદિષ્ટ મુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

૧૩. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

૧૩. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) ઓનલાઇન અરજી કન્ફર્મ કરવામાં આવી ન હોય.

(૩) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૪) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટસાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.

(૫) અરજી ફેકસ થી, ઇમેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(૬) બિનઅનામત વર્ગના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનું; -માણપત્ર ધરાવતા ન હોય.

(૮) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દશાવેલ સમયગાળાનું; ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું (નોનક્રિમિલીયર) -માણપત્ર ધરાવતા ન હોય.

૧૪. આ જાહેરાત તથા ભરતી -ક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળનો સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

સચિવ,
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

(અનુસંધાન પાન નં. ૭ નું ચાલુ)

અરજી કન્ફર્મ કર્યા બાદ ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

૮. પરીક્ષા ફી :

1) ફોર્મ ભરતી વખતે General કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex. Servicemen કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

2) જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ. ૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિક્કા / સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક સાથે લાવવાની રહેશે.

3) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

4) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા. ૦૪/૦૫/૨૦૧૬ (પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી)ની રહેશે.

5) ફી ભર્યા બાદ, રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

6) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ના મળે તો, તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

7) અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(ક) અનુસૂચિત જાતિ (SC)

(ખ) અનુસૂચિત જન જાતિ (ST)

(ગ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)

(ઘ) માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરી

(ચ) શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરી

૯. **પસંદગી પ્રક્રિયા :** ''મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી'' વર્ગ-૩ સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે ભાગ-૧ની ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q. પધ્ધતિની હેતુલક્ષી પ્રશ્નોવાળી લેખિત કસોટી તથા ભાગ-૨ની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબ ગુણભાર રહેશે.

(ક) **ભાગ-૧ લેખિત કસોટી :** લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વવગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q. પધ્ધતિથી, લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે, જેમાં અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ધોરણ-૧૨ની કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર (**OMR**) રહેશે. કુલ પ્રશ્નો : ૨૦૦, કુલ ગુણ : ૨૦૦, સમય : ૧૫૦ મિનિટનો રહેશે.

પેપર વિષય ગુણ સમયગાળો

પાર્ટ-૧ સામાન્ય જ્ઞાન :- ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વગેરે.

**ગુણ : ૮૦ સમય ગાળો : ૧૫૦ મિનિટ**

પાર્ટ-૨ ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ **ગુણ : ૫૦**

પાર્ટ-૩ અંગ્રેજી વ્યાકરણ **ગુણ : ૪૦**

પાર્ટ-૪ ગાણિતિક કસોટીઓ, તાર્કીક કસોટીઓ **ગુણ : ૩૦**

**કુલ ગુણ : ૨૦૦**

(૧) (i) પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reder (OMR) પધ્ધતિની રહેશે. (ii) દરેક પ્રશ્નો ૦૧ (એક) ગુણ રહેશે. (iii) ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે (iv) ખોટા જવાબ દીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે, (v) દરેક પ્રશ્ના જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not attempted" રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં (vi) પ્રશ્ના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૧) **(ii)** ભાગ-૧ લેખિત પરીક્ષામાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર કુલ ખાલી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ખ) ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી : ૧૦૦ ગુણ, સમય ૧:૩૦ કલાક

| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧ | એક્સેલ સ્પ્રેડશીટ | ૨૦ ગુણ |
| ૨ | ઇમેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૨૦ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૨૦ ગુણ |
| ૪ | ટેન્ડર નોટીસ (અંગ્રેજી તથા ગુજરાતી ) | ૪૦ ગુણ |
| કુલ : | | ૧૦૦ ગુણ |

(ગ) લઘુત્તમ લાયકી ધોરણ : પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટેનું લઘુત્તમ લાયકી ધોરણ અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે ભાગ-૧ લેખિત પરીક્ષા તથા ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ દરેક માટે કુલ ગુણના ૪૦% ગુણ રહેશે. ભાગ-૧ લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર ઉમેદવારોને જ ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ઘ) પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી ભાગ-૧ લેખિત પરીક્ષા તથા ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટમાં મેળવેલ કુલ ગુણના આધારે પ્રમાણપત્રોની ચકાસણીના અંતે તૈયાર કરવામાં આવશે.

(ચ) પ્રતિક્ષાયાદી કુલ ખાલી જગ્યાના ૧૦ ટકા મુજબ કેટેગરીવાઇઝ તેમજ પુરુષ તથા મહિલા અલગ રીતે દર્શાવી તૈયાર કરવામાં આવશે.

૧૦. સામાન્ય શરતો :

(૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ માજી સૈનિક સિવાય વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત નમૂનાનું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક (ગુજરાતીમાં) ના નમૂનામાં પ્રમાણપત્ર મંડળ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે. તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ ના સમયગાળાની આવકને ધ્યાને લઇ, તા. ૦૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તા. ૩૦/૦૪/૨૦૧૬ દરમ્યાન મેળવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેના અસલ પ્રમાપત્રનો નંબર અને તેની તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનો રહેશે. (અંગ્રેજીમાં કઢાવેલ નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોય માન્ય ગણવામાં આવશે નહીં.) પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. આથી, ઓનલાઇન અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમૂનાનું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઇશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહીં.

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨)માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, મંડળની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવા મંડળને અસલમાં રજૂ કરવાના રહેશે.

(૫) એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઇકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઇફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતોખેલકુદમાં

(અનુસંધાન પાન નં. ૪ ઉપર)

## અન્ય જાહેરખબર

- **યુનિયન પબ્લિક કમિશન : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : સાયન્સીસ્ટ (નોન ડિસ્ટ્રક્ટીવ), સાયન્સીસ્ટ (મિકેનિકલ), ડેપ્યુટી લેજીસ્લેટીવ કાઉન્સીલ, ટ્રેઈનીંગ ઓફિસર (પ્રિન્સીપલ ઓફ ટિચીંગ - જનરલ), લેક્ચરર (કોમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.ટી., સિવિલ એન્જિનિયરીંગ, કેમિકલ એન્જિનિયરીંગ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ, મિકેનીકલ એન્જિનિયરીંગ, ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ)
  **જગ્યાની સંખ્યા** : ૪૯
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૮-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.upsc.gov.in
- **આયુર્વેદા રિજીયોનલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ : મંડી (હિમાચલ પ્રદેશ)**
  **જગ્યાનું નામ** : ફાર્માસ્ટીસ્ટ, લેબોરેટરી ટેકનિશીયન, લેબોરેટરી એટેન્ડન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૫
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૯-૪-૨૦૧૬ થી ૩૦ દિવસ
  **વેબ સાઈટ** : www.ccras.nic.in
- **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સર્વિસીસ બોર્ડ : મુંબઈ**
  **જગ્યાનું નામ** : મેનેજર (ટેકનિકલ, સિવિલ, ઈલેક્ટ્રીકલ), આસિસ્ટન્ટ મેનેજર (રાજભાષા, સિક્યુરીટી), આસિસ્ટન્ટ લાયબ્રેરીયન
  **જગ્યાની સંખ્યા** : ૨૭
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૦-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.rbi.org.in
- **ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી લી.**
  **જગ્યાનું નામ** : આસિસ્ટન્ટ જનરલ મેનેજર (ટેકનિકલ સર્વિસીસ), સિનિયર મેનેજર (ટેકનિકલ સર્વિસીસ), આસિસ્ટન્ટ મેજેનર (ટેકનિકલ સર્વિસીસ), સિનિયર મેનેજર (આઈ.ટી.), આસિસ્ટન્ટ મેનેજર (આઈ.ટી.), આસિસ્ટન્ટ જનરલ મેનેજર (એફ. એન્ડ એ.), સિનિયર મેનેજર (એફ. એન્ડ એ.), મેનેજર (એફ. એન્ડ એ.), આસિસ્ટન્ટ મેનેજર (એફ. એન્ડ એ.), સિનિયર મેનેજર (લો), આસિસ્ટન્ટ મેનેજર (લો), આસિસ્ટન્ટ મેનેજર (એચ.આર.), આસિસ્ટન્ટ પબ્લિક રિલેશન ઓફિસર, આસિસ્ટન્ટ એક્ઝીક્યુટીવ સેક્રેટરી,
  **જગ્યાની સંખ્યા** : ૪૬
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૮-૫-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.ireda.gov.in
- **આઈસીએઆર : નેશનલ બ્યુરો ઓફ સોઈલ સર્વે એન્ડ લેન્ડ યુઝ પ્લાનીંગ : નાગપુર**
  **જગ્યાનું નામ** : સ્ટેનોગ્રાફર, લોઅર ડિવિઝન કલાર્ક, સ્કીલ સપોર્ટીંગ સ્ટાફ,
  **જગ્યાની સંખ્યા** : ૩૦
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૯-૪-૨૦૧૬ થી ૩૦ દિવસ
  **વેબ સાઈટ** : www.nbsslub.in
- **સેન્ટ્રલ ઓર્ડેનન્સ ડીપોટ : ચિઓકી અલ્લાબાદ**
  **જગ્યાનું નામ** : લોઅર ડિવિઝન કલાર્ક, સિવિલીયન મોટર ડ્રાઈવર, મટીરીયલ્સ આસિસ્ટન્ટ, ફાયરમેન, રસોઈયા, વેલ્ડર (ઈલેક્ટ્રિકલ), ઓપરેટર પ્રિન્ટીંગ મશીન, ડ્રાઈવર મિકેનિક, ટેલીફોન, સ્ટેનોગ્રાફર, સફાઈવાળા, ધોબી, સંદેશાવાહક
  **જગ્યાની સંખ્યા** : ૭૨
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૯-૪-૨૦૧૬ થી ૨૧ દિવસ
- **સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ**
  **જગ્યાનું નામ** : કોન્સ્ટેબલ (મંત્રાલય)
  **જગ્યાની સંખ્યા** : ૬૮૬
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૫-૫-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.crpfindia.com
- **હેડ ક્વાર્ટર ટ્રેઈનીંગ કમાન્ડ : ભારતીય હવાઈ દળ**
  **જગ્યાનું નામ** : જુનિયર આસીસ્ટ, સુપ્રિટેન્ડન્ટ (સ્ટોર), રસોઈયા, પેઈન્ટર, મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ, સફાઈવાળા, લોઅર ડિવિઝન કલાર્ક, લેબ આસિસ્ટન્ટ, મેસ્ક સ્ટાફ, સિવિલીયન એજ્યુકેશન ઈન્સ્ટ્રક્ટર, આયા, સિવિલીયન મિકેનીકલ ટ્રાન્સપોર્ટ ડ્રાઈવર
  **જગ્યાની સંખ્યા** : ૨૧૨
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૯-૪-૨૦૧૬ થી ૩૦ દિવસ

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૯-૪-૨૦૧૬)**

# દરેક સ્ટ્રીમમાં કારકિર્દી/અભ્યાસક્રમનું કોમ્બીનેશન

**રોજગારની આસપાસ**

**રાજેન્દ્ર ઉપાધ્યાય**

અગાઉના બે લેખમાં આપણે અનુક્રમે કોમર્સ અને સાયન્સ ફિલ્ડમાં કારકિર્દી બનાવવા માટે બે પૂરક અભ્યાસક્રમોનું કોમ્બીનેશન કઈ રીતે કરવું તેની ચર્ચા કરી હતી. તો આજે આપણે જનરલ / દરેક ક્ષેત્રોમાં જોવા મળતા લઘુત્તમ સાધારણ અવયવ - લ.સા.અ. ની જેમ કોમન કારકિર્દી/અભ્યાસક્રમના કોમ્બીનેશન્શ જોઈશું.

અભ્યાસક્રમોમાં કોમ્બીનેશન કરવાની જરૂર શા માટે ?

ગળાકાપ હરિફાઈ અને વૈશ્વિક મહામંદીના આ યુગમાં રોજગારી મળવાના એક ને બદલે બે ક્ષેત્રો ઉદ્‌ભવે તે માટે

ઝડપી રોજગારી મેળવવા માટે કોઈ એક ક્ષેત્રમાં પોસ્ટ ગ્રેજ્યુએશનને બદલે બે જુદા જુદા વિષયોમાં ગ્રેજ્યુએશન હોવું વધુ હિતાવહ છે.

**અભ્યાસક્રમોના કોમ્બીનેશન અંગેની ગેરમાન્યતા અને વાસ્તવિકતા :** અભ્યાસક્રમ જે તે સ્ટ્રીમના અન્ય પૂરક વિષયોના અભ્યાસક્રમો સાથે જ થઈ શકે જેમ કે C.A. કરીને C.S. કરવું.

આ એક મોટી ગેરસમજ છે, વાસ્તવમાં સાયન્સ સ્ટ્રીમમાંથી કોમર્સમાં કે કોમર્સ સ્ટ્રીમમાંથી આર્ટસ સ્ટ્રીમમાં પણ કોમ્બીનેશન થઈ શકે છે. જેમ કે, સાયન્સ સ્ટ્રીમમાંથી એન્જિનિયરીંગ કર્યા બાદ, કોમર્સ ફિલ્ડનું લોકપ્રિય કરિયર ઓપ્શન M.B.A. કરી શકાય છે.

**કોમન ફિલ્ડના અભ્યાસક્રમોમાં કોમ્બીનેશન :**

**૧. ગ્રેજ્યુએશન + ડિપ્લોમા :** જો વિદ્યાર્થીએ માંડ માંડ ગ્રેજ્યુએશન કર્યુ હોય અને હવે આગળ વધુ ભણવાની આર્થિક તેમજ માનસિક પરિસ્થિતિ ન હોય, ત્યારે જે તે ફિલ્ડનો ડિપ્લોમા ગ્રેજ્યુએશનને લગતા ડિપ્લોમા અભ્યાસક્રમ સાંપ્રત પ્રવાહો સાથે સંલગ્ન અને અદ્યતન માહિતી અનુસાર, ટૂંકાગાળાના તેમજ પ્રમાણમાં ઓછી ફી ધરાવતા હોય છે. આવા અભ્યાસક્રમ પાર્ટટાઈમ સવારના સમયે કે સાંજના સમયે ચલાવતા હોય, તો ચાલુ નોકરી દરમિયાન પણ કરી શકાય છે. આ માટે મેનેજમેન્ટ ક્ષેત્રના ડિપ્લોમા અભ્યાસક્રમ લગભગ બધા જ પ્રકારના ગ્રેજ્યુએશન બાદ કરી શકાય તેવા તેમજ મોટાભાગના કારકિર્દી ક્ષેત્રોમાં કામ લાગે તેવા હોય છે.

ગ્રેજ્યુએશન બાદ ઝડપથી રોજગારી મેળવવા માટેના કેટલાક વિકલ્પો જોઈએ, તો કોમર્સ વિદ્યાશાખામાંથી ગ્રેજ્યુએશન કરેલા ઉમેદવારોએ ડિપ્લોમા ઈન ટેક્ષેશન કરી લેવું જોઈએ કે જેથી નાની/સામાન્ય પેઢીમાં એકાઉન્ટન્ટ બની રહેવાને બદલે, સારી/મોટી/ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કંપનીમાં કામ મળી શકે છે. વળી, જો ઉમેદવાર આત્મવિશ્વાસુ તેમજ સાહસિક પ્રકૃતિનો હોય, તો નજીવી મૂડી અને અંગત સંપર્કોને આધારે 'સ્વરોજગારી' ઊભી કરવાના આશયથી પોતાનો સ્વતંત્ર ટેક્ષ-પ્રેક્ટીશનરનો વ્યવસાય પણ શરૂ કરી શકે છે તેજ પ્રમાણે E-Account બનાવ તો ડિપ્લોમા કરીને ટેક્ષેશનની સાથોસાથ ટેલી જેવા એકાઉન્ટરીયલ સોફ્ટવેરનું જ્ઞાન મેળવીને સારી જોબ મેળવવાની શક્યતાને વધારી શકે છે. જો મોટા કોર્પોરેટ હાઉસના H.R. ડિપાર્ટમેન્ટમાં જોબ મેળવવી હોય, તો ગ્રેજ્યુએશન બાદ ડિપ્લોમા ઈન લેબર-લો કરવાની સોનેરી સલાહ છે.

**૨. ગ્રેજ્યુએશન (કોઈપણ ફિલ્ડ) + M.B.A. :** ગ્રેજ્યુએશન કર્યા બાદ, ઓફિસમાં કામ કરવા ઈચ્છુકો માટે બે વર્ષના સમયનું રોકાણ કરીને M.B.A. કરવાનો વિકલ્પ કારકિર્દી માટે ઉપયોગી બની શકે છે.

M.B.A. અભ્યાસક્રમમાં મુખ્યત્વે ચાર કારકિર્દીના ક્ષેત્રો - માર્કેટીંગ, ફાઈનાન્સ, પ્રોડકશન અને પર્સનલ / હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ છે. પોતાના ગ્રેજ્યુએશનના વિષયને આધારે આ ચાર વિકલ્પો પૈકીનો એક વિકલ્પ પસંદ કરી શકાય. M.B.A. પેટા પ્રકારોમાં ઘણી વિશાળતા તેમજ વિવિધતા રહેલી છે. જેમ કે, હોટલ મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન, ફાર્મા મેનેજમેન્ટ, ટેલિકોમ મેનેજમેન્ટ, એગ્રો બિઝનેસ મેનેજમેન્ટ, ટ્રાવેલ્સ મેનેજમેન્ટ, બેંકીંગ મેનેજમેન્ટ, ઈન્સ્યોરન્સ મેનેજમેન્ટ વગેરે...

ઉપરોક્ત પેટા પ્રકારને આધારે જે તે પ્રકારના M.B.A. ના અભ્યાસક્રમ પસંદ કરી શકાય તેટલું જ નહીં પણ પોતાને જે-તે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી હોય તે પ્રકારનો અભ્યાસક્રમ પસંદ કરી શકાય. ગ્રેજ્યુએશન બાદ M.B.A. કરવાની અનુકૂળતા ન હોય, તો વિવિધ પ્રકારના મેનેજમેન્ટ ડિપ્લોમા પણ પસંદ કરી શકાય. જેમ કે હોટલ રેસ્ટોરન્ટના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છુકો મેનેજમેન્ટ ડિપ્લોમા ઈન હોસ્પિટાલાઈઝેશન ડિપ્લોમા કોર્સ કરી શકે. તેજ પ્રમાણે ડિપ્લોમા ઈન ઈન્સ્યોરન્સ મેનેજમેન્ટ કે બેંકિંગ મેનેજમેન્ટ કરીને બેંક, ઈન્સ્યોરન્સ કે ફાઈનાન્સીયલ કંપનીઓમાં રોજગારી માટેના દ્વાર ખટખટાવી શકાય. તે જ પ્રમાણે કેમેસ્ટ્રી કે સાયકોલોજી સાથે ગ્રેજ્યુએશન કરી ચૂકેલા ઉમેદવારો જો ડિપ્લોમા ઈન હેલ્થ મેનેજમેન્ટ કરે, તો તેઓને હોસ્પિટલ ઈન્ડસ્ટ્રીઝમાં લાલ જાજમ બીછાવીને રોજગારીની તક મળી શકે. ગ્રેજ્યુએશન બાદ વિવિધ પ્રકારની મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓમાં જોબ કરવા ઈચ્છુકોએ ટેલિકોમ મેનેજમેન્ટનો પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા કરી લેવો જોઈએ.

જો કે અત્યારે તેજી ધરાવતા ક્ષેત્રોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન રિટેઈલ માર્કેટીંગ, ડિપ્લોમા ઈન પેટ્રોલીયમ મેનેજમેન્ટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન આઈ.ટી. મેનેજમેન્ટ છે. જે રીતે આપણા ભારત દેશમાં મલ્ટી નેશનલ કંપનીઓ દ્વારા વિદેશી મૂડી રોકાણ વધી રહ્યું છે, તે જોતા ગ્રેજ્યુએશન બાદ, આવા મેનેજમેન્ટ ડિપ્લોમા કોર્સીસ કરી કારકિર્દીમાં અભ્યાસક્રમોનું કોમ્બીનેશન કરનારાઓ માટે રોજગારીની સારી તક ઝડપથી ઉભી થઈ શકે છે.

તે જ પ્રમાણે મેથ્સ કે સ્ટેટેસ્ટીક્સ જેવા વિષય સાથે ગ્રેજ્યુએશન કરનારાઓએ ડિપ્લોમા ઈન એક્યુરી કરવાથી સ્ટેટેસ્ટીકલ એનાલીસ્ટ તરીકેની સારી જોબ મળી શકે છે. વળી જો સાથો સાથ ઝડપથી ડેટા એન્ટ્રી કરવાની આવડત હોય તો સોનામાં સુગંધ ભળી શકે છે.

**૩. ગ્રેજ્યુએશન + ફેમીલી બીઝનેસ :** ગ્રેજ્યુએશન કર્યા બાદ, જો તમે તમારો પૈતૃક ધંધો જ આગળ ધપાવવા માંગતા હોય તો સારી બાબત એ છે, કે તમે નોકરીની શોધમાં નથી, બલકે તમે અન્યને નોકરી આપી શકશો, તમારી કમાણીમાંથી ટેક્સરૂપી આવક આપણી સરકારને થશે. જો બીઝનેસને વધુ સારી રીતે ડેપલપ કર્યો હશે અને જો એક્ષપોર્ટ પણ કરતા હશો, તો આપણા દેશને મૂલ્યવાન વિદેશી હૂંડીયામણ પણ કમાવી આપી શકશો. પણ જો તમે ગ્રેજ્યુએશન બાદ તરત જ ધંધાને સ્વીકારી લેશો, તો પરંપરાગત શૈલીથી જ ધંધો કરી શકશો. પરંતુ જો તમે ગ્રેજ્યુએશન બાદ બે વર્ષ EDI ગાંધીનગરમાંથી PGDM ઈન ફેમેલી બીઝનેસ કરશો તો સ્માર્ટ બીઝનેશ કરી શકશો.

**૪. LL.B. + ડિપ્લોમા :** લો ગ્રેજ્યુએશન માટે સૌથી અસરકારક અભ્યાસક્રમનું કોમ્બીનેશન C.S. નું છે. જો લો કર્યા બાદ સારા પેકેજવાળી જોબની શોધમાં હોય, તો ડિપ્લોમા ઈન સાયબર ક્રાઈમ/સાયબર સિવિલ/I.P.R./બેંકીંગ-ફાઈનાન્સ લો કરવું જોઈએ. LL.B. કર્યા બાદ ડિપ્લોમા ઈન આર્બટ્રિશન લો કરીને કોર્ટમાં ગયા વિના કેસની પતાવટ કરનાર લવાદ (મધ્યસ્થી) બની શકાય.

**૫. અન્ય :** ગ્રેજ્યુએશન કોઈ ભાષા કે સાહિત્ય સાથે કર્યુ હોય, તેવા વિદ્યાર્થી મિત્રોને એકાદી ફોરેન લેંગ્વેજ નો ડિગ્રી / ડિપ્લોમા કોર્સ કરવાની આગ્રહભરી ભલામણ છે. આમ, કરવાથી પ્રુફ રિડરથી શરૂ કરીને અનુવાદક, લેખક કે વિવેચક બની શકાય. માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમનો અભ્યાસ કર્યા બાદ પબ્લિક રિલેશન્સ (P.R.) નો ડિપ્લોમા અભ્યાસક્રમ કરી લેવો જોઈએ. ઈલેક્ટ્રોનિક્સ મિડીયામાં જવા ઈચ્છુકોએ જર્નાલિઝમ કર્યા બાદ, એન્કર/ન્યૂઝ રિડર નો ડિપ્લોમા અથવા કમ સે કમ સર્ટિફીકેટ અભ્યાસક્રમ કરી લેવો જોઈએ.

ગ્રેજ્યુએશન કર્યા બાદ હાયર એજ્યુકેશન માટે વિદેશમાં જતા વિદ્યાર્થીઓએ ડિપ્લોમા ઈન ફિટનેસ મેનેજમેન્ટ કરવો જોઈએ. વિદેશોમાં મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં જિમનેશિયમ હોય જ છે, આથી જિમ ઈન્સ્ટ્રક્ટર / ફિટનેસ એક્ષપર્ટ કે પર્સનલ ટ્રેનર જેવી ફૂલ ટાઈમ જેટલી સેલેરી આપતી પાર્ટ ટાઈમ જોબ જે તે એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટમાં જ મળી રહે.

ફરવાનો શોખ ધરાવનાર ગ્રેજ્યુએટ યુવા વર્ગને ગ્રેજ્યુએશન બાદ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટનો ડિપ્લોમા મેળવી લેવો જોઈએ. આ સિવાય ટૂર મેનેજમેન્ટનો સર્ટિફિકેટ કોર્સ કરીને ફોરેન એરલાઈન્સ તેમજ ઈન્ટરનેશનલ 'ક્રુઝ' પર ફરવાનો લાભ મેળવી શકાય. શક્ય હોય, તો IATAનું એર ટિકીટીંગનું લાયસન્સ પણ મેળવી લેવું જોઈએ.

જો ગ્રેજ્યુએશન કરેલ વિદ્યાર્થી કલાકાર હોય અને તેને સંગીત-નૃત્ય - નાટકમાં કારકિર્દી બનાવવાની ઈચ્છા હોય, અને જો પુનાની પ્રસિદ્ધ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ (FTII) કે દિલ્હીની NSD (National School of Drama) માં એડમિશન મળ્યું ન હોય, તો ગુજરાત યુનિવર્સિટીની ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટસ, CPIFT ગાંધીનગર, M.S. યુનિવર્સિટીમાંથી પરફોર્મિંગ આર્ટસમાં ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમ કરીને કારકિર્દીનું કોમ્બીનશન કરવું.

**રોજગારી T-20 :** ચાલુ કારકિર્દી દરમિયાન કારકિર્દીનું કોમ્બીનશન કરનાર ક્રિકેટર નિવૃત્ત થયા બાદ કોચ, એમ્પાયર કે કોમેન્ટેટર બની શકે !!!! ●

*(અનુસંધાન પાન નં. ૮ નું ચાલુ)*

વધુ નહિ હોવી જોઈશે.

૧) મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના, ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

૧) સામાન્ય મહિલા ઉમેદવારોને ૫ વર્ષ

૨) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ

૩) અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ

૪) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષ

૫) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષ

૬) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારો ૧૫ વર્ષ

૭) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારો ૨૦ વર્ષ

૮) માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદા ૫ મુજબ.

નોંધ :

૧) ઉમેદવાર ખોડખાંપણની ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટિફીકેટ ધરાવતાં હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

૨) શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨, થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુન્ટિન્ડેન્ટ/ સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ -માણપત્ર માન્ય ગણવામાં આવશે.

૩) ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ -માણપત્ર જોડવાના નથી પરંતુ આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા -માણપત્રો ધરાવતા હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) ૧૯૬૭ ની જોગવાઇ મુજબ જે ઉમેદવારો રાજય સરકારની સેવામાં (ફીડર કેડર) માં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. આ માટે ફીડર કેડર તરીકે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર હસ્તકના ખાતાના નિયમીત પગાર ધોરણમાં ફરજ બજાતિ હેડ કલાર્ક ગણાશે.

૫) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં.

૬) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

૬. વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ : તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા તા. ૩૦/૦૪/૨૦૧૬ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. અન્ય તમામ બાબતો માટે પણ cut off date તા. ૩૦/૦૪/૨૦૧૬ ની ગણવાની રહેશે.

૭. અરજી કરવાની રીત : આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા. ૧૬/૦૪/૨૦૧૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા. ૩૦/૦૪/૨૦૧૬ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

1) સૌ -થમ https://ojas.gujarat.gov.in પર જવું.

2) હવે “Apply On line” Click કરવું.

3) “Assistant Tribal Development Officer” ની જોરાત ક્રમાંકઃ ૬૫ ઉપર click કરવાથી screen ઉપર more details અને Apply now ના જગ્યાની વવગતો મળશે. જે more details click કરવાથી વવગતવાર જાહેરાત જોવા મળશે. જે વાંચી જવી.

4) તેની નીચે “Apply now” પર click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ -થમ “Personal Details” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

5) Personal Details ભરાયા બાદ “Educational Details” ભરવા માટે “Educational Qualifications” પર click કરવું.

6) તેની નીચે “Self declaration” પર click કરવું. ત્યારબાદ

7) ઉપરની શરતો સ્વીકારવા માટે “Yes” પર click કરવું. હવે અરજી પૂણા રીતે ભરાઈ ગયેલ છે.

8) હવે “save” પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.

9) અરજી કયાા બાદ ઉમેદવારનો “Application Number” generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

10) હવે Upload Photograph પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ -થમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી computer માં Save કરેલા હોવા જોઈએ.) “browse” button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને “open” button ને click કરો. હવે “browse” button ની બાજુમાં “upload” button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ઓનલાઇન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ -સ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/ નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

11) હવે પેજના ઉપરના ભાગમાં “Confirm Application” પર click કરો અને “Application number” તથા Birth Date type કયાા બાદ Ok પર click કરવાથી ત્રણ બટન (૧) ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ -કારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે.

12) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ -કારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ -માણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે -થમ તેમની પાસેના અસલ -માણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી નામ/ અટકના સ્પેલીંગ સહીત કરી લઇને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઇન અરજીમાં દશાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ -માણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં -માણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી ‘રદ કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના -માણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

13) confirm application પર click કરતાં અહીં “confirmation number” generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. કન્ફર્મેશન નંબર સિવાય કોઇ પણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની -ીન્ટ અચૂક કાઢી રાખવી.

14) હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવા જણાવવામાં આવે છે. જેથી ઉમેદવારે પોતે ઓનલાઇન રજૂ કરેલી અરજીની તે નકલ જરૂર પડ્યે ઉપયોગમાં લઇ શકાય.

15) ઉમેદવારને ફોર્મ ભરતી વખતે માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો ટોલ ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૫૫૦૦ પર ફોન કરીને જરૂરી માર્ગદર્શન મેળવી લેવું.

16) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા-૮ માં આપેલ સુચનાઓ અનુસાર પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં પરીક્ષા ફી રૂ. ૧૦૦/- તથા પોસ્ટલ ચાર્જ રૂ.૧૨/- ચલણથી ભરવાના રહેશે. આ ચલણ પણ OJAS વેબસાઇટ ઉપરથીજ ડાઉનલોડ કરવાનું રહેશે.

*(અનુસંધાન પાન નં. ૫ ઉપર)*

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

બ્લોક નં. ૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

## મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીની ભરતી

જાહેરાત ક્રમાંકઃ ૬૫/૨૦૧૬-૧૭

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકની ''મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી'' વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા આ જાહેરાતમાં ફકરા નંબર ૪ માં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઇટ ઉપર ઓન લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર તા.૧૬/૦૪/૨૦૧૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા. ૩૦/૦૪/૨૦૧૬ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.

૧. અરજી કરવા માટેની વવગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં ફકરા નંબર ૭ માં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત આ સમગ્ર જાહેરાત ઓનલાઇન અરજી ભરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે કોઈ -માણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે -માણપત્રોમાંની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ -માણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું -માણપત્ર, જાતિ, શારીરિક ખોડખાંપણ (હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ -માણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા -માણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહીં.

૩. પસંદગીની -ક્રિયા આ જાહેરાતમાં ફકરા નંબર ૯ માં દશાવ્યા મુજબની હેતુલક્ષી -શ્નોવાળી O.M.R – M.C.Q. પધ્ધતિની લેખિત પરીક્ષા તથા કમ્પ્યૂટર -ોફીસીયન્સી પરીક્ષાની -ક્રિયામાંથી ઉમેદવારે પસાર થવાનું રહેશે. ભાગ-૧ની હેતુલક્ષી -શ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની લેખિત પરીક્ષાનું આયોજન સંભવતઃ મંડળ દ્વારા સને ૨૦૧૬ના જુન-જુલાઇ માસ દરમિયાન કરવામાં આવશે. આમ છતાં આ બાબતે મંડળ જરૂર જણાયે ફેરફાર કરી શકશે.

૪. પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો. અને પરીક્ષા -ક્રિયા પૂણા થાય ત્યાં સુધી, મોબાઇલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે. ભરવાપાત્ર જગ્યાઓની કેટેગરીવાર વિગતો નીચે મુજબ છે.

આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી હસ્તકની ''મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી'' વર્ગ-૩ સંવર્ગની કેટેગરીવાર ખાલી જગ્યાઓની વિગતો.

| કુલ જગ્યા | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | કુલ જગ્યા પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શા.ખો.ખા. |
| ૧૩૦ | ૪૪ | ૨૩ | ૨૪ | ૧૧ | ૦૭ | ૦૨ | ૧૩ | ૦૬ | ૧૩ | ૦૩ |

ઉપરોકત જગ્યાઓમાં વધઘટ થવાની શકયતા છે.

૫) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

ઉપર દશાવેલ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારની કુલ ૦૩ (ત્રણ) જગ્યાઓ પૈકી (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ખામીવાળા વિકલાંગો માટે ૦૧ (એક) LV જગ્યા, અને અથવા (૨) શ્રવણની ખામીવાળા વિકલાંગો માટે ૦૧ (એક) HH જગ્યા, અને અથવા (૩) હલન ચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની વિકલાંગતાવાળા માટે ૦૧ (એક) જગ્યા અનામત રાખવામાં આવેલ છે.

૬) એક ઉમેદવાર એક અરજી (No multiple application);

એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં, એક થી વધુ અરજી (multiple application) ના કિસ્સામાં ફી સહીત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી (સૌથી ઉંચા નંબરની) એક જ અરજી માન્ય રહેશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

એક કરતાં વધારે અરજી કરવામાં આવશે તો, (multiple application) ફી ભરેલી છેલ્લી અરજી સાથેની ફીને, ફી નહીં ભરેલી અન્ય અરજી સામે ગણવામાં આવશે નહીં.

જે ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી અરજી (ફી સાથે કે ફી વગર) માન્ય ગણવામાં આવશે અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

૭) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ (ભાગ-૧)ની જોગવાઈઓને ધ્યાને લઈને મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી. એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

૮) માજી. સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી. એસ.ઇ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૯) શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. વિકલાંગની અનામત જગ્યા માટે લાયક વિકલાંગ ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૧૦) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

૨. પગાર ધોરણ : નાણાં વિભાગનાં તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૯/૪/૨૦૧૦ ના ઠરાવ નંબર : ખરચ/૨૦૦૨/ ૫૭/ઝ/૧ ની જોગવાઈઓને આધિન તેમજ તા.૨૦/ ૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨) / ઝ-૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : ખરચ/ ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૨) ઝ-૧ થી નકકી થયા મુજબ -થમ પાંચ વર્ષ માટે રૂ. ૧૩,૭૦૦/- -તિમાસ ફિક્સ પગાર અને તેના ઉપર માસિક ખાસ ભથ્થુ રૂ. ૧,૮૦૦/- મળીને કુલ રૂ. ૧૫,૫૦૦/- ઉચ્ચક પગારથી નિમણુંક અપાશે. વધુમાં ''ખાસ ભથ્થા'' ઉપર વાર્ષિક વધારો રૂ. ૧,૫૦૦/- નો રહેશે તેમજ આ ઠરાવથી વનયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પૂરી થયેથી રૂ. ૯,૩૦૦-૩૪,૮૦૦ (ગ્રેડ પે - ૪,૪૦૦) ના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવા પાત્ર થશે. તેમ છતાં આ બાબતે નામ. સુ-ીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/ 2012 ના ચુકાદાને આધીન રહેશે.

૩. **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

૪. **શૈક્ષણિક લાયકાત :** સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંક પાત્ર થવા માટે ઉમેદવારે નીચે મુજબની શૈક્ષણિક લાયકાત મેળવેલ હોવી જોઇશે.

૧) a bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; or an equivalent qualification recognized by the Government. ; અને

૨) ઉમેદવાર; (૧) રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વવભાગના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા.૧૮૦૩૨૦૧૬ ના સરકારી ઠરાવ ક્રમાંક : સીઆરઆર ૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ મુજબ કોમ્પ્યુટરના બેઝીક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું -માણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. વિકલ્પે, (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના -માણપત્રો ધરાવતા હોવા જોઇશે, અથવા (૩) ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના -માણપત્રો ધરાવતા હોવા જોઈશે.

ઓનલાઇન અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવું -માણપત્ર ધરાવતા ના હોય તો પણ, અરજી કરી શકશે પરંતુ નિમણૂંક મેળવતા પહેલાં ઉમેદવારે આવું -માણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે, અન્યથા આવા ઉમેદવાર નિમણૂંક મેળવવા પાત્ર ઠરશે નહીં; અને

૩) ઉમેદવાર ગુજરાતી અને / અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

૫. **વયમર્યાદા :-** ''મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી'' વર્ગ-૩ સંવર્ગની જગ્યા માટે તારીખ ૩૦/ ૦૪/૨૦૧૬ ના રોજ ઉમેદવારની ઉમર ૩૫ વર્ષથી

(અનુસંધાન પાન નં. ૭ ઉપર)

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.